**દિવાની પરચુરણ અરજી નં. ૨૩૮/૨૦૨૨ ના કામે આંક–૧ નીચે હુકમ :–**

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારને તા. ૧૪–૯–૨૨ ના રોજ વાહન અકસ્માતમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ તે નુકશાની વળતરના રૂા. ૩,૦૦,૦૦૦/– સામાવાળા પાસેથી મેળવવા કલેઈમ અરજી દાખલ કરવામાં રૂા. ૨,૬૫૦/– કોર્ટ ફી ભરવાની થાય છે. પરંતુ,અરજદારને ઈજા, સારવાર પાછળ ખર્ચ થયેલ અને ઈજા સબબ કોઈ કામ કરી શકે તેવી સ્થિતીમાં ન હોય કોર્ટ ફી ભરી શકે તેવી કોઈ આવક ન હોય તેમની કલેઈમ અરજી નાદારીમાં ચલાવવા અરજ કરેલ છે. વધુમાં અરજદારે અરજી લાવ્યા પહેલા તેમની જંગમ મિલકત ટ્રાન્સફર કે વેચાણ કરેલ નથી કે કોઈ વ્યકિત સાથે લાગવગ કે ભાગીદારી કરેલ નથી અને સાથેના શેડયુલમાં જણાવ્યા સિવાયની કોઈ મિલકત ધરાવતા નથી. જેથી અરજદારની અરજી અકીંચન વ્યકિત તરીકે કોર્ટ ફી ભર્યા વગર ચલવવા પરવાનગી આપવા અરજ કરેલ છે અને અરજી સાથે મિલકતનુ શેડયુલ તથા સોગંદનામુ રજુ કરેલ છે.

(૨) અરજી લગત સરકારી વકીલશ્રીને નોટીશ બજાવતા સરકારશ્રી તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીત હાજર થયેલા છે અને તેઓએ આંક–૬ થી હાલની અરજી સામેના વાંધા–જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની અરજી ખરી, કાયદેસર નથી તે કાયદા મુજબ ચાલવાપાત્ર નથી કે કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી કે સમય મર્યાદામાં નથી અને અરજદારે અરજીના સમર્થનમાં કોઈ આવકનો દાખલો રજુ કરેલ નથી અને અરજદારે રજુ કરેલ શેડયુલની હકીકતો તેમજ રજુ કરેલ સોગંદનામાની હકીકતો ખરી નથી અને અરજદાર કોર્ટ ફી ભરવા શકિતમાન ન હોવાની હકીકત કબુલ કરવામાં આવતી નથી તે તમામ હકીકતે અરજદારની અરજી રદ્ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૭ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેમાં તેઓએ અરજી મુજબની હકીકત જણાવેલ છે અને તેઓની આર્થીક સ્થિતી નથી તેમજ તેઓ પાસે મિલકતના શેડયુલમાં જણાવ્યા મુજબની મિલકતો આવેલ હોય અને તેઓએ અરજી પહેલા તેમની કોઈ મિલકત ટ્રાન્સફર, વેચાણ કે કોઈ સાથે લાગભાગ કે ભાગીદારી કરેલ નથી.

(૪) બન્ને પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીની રજુઆત અને અરજદારે અરજી સાથે રજુ રાખેલ સોગંદનામુ અને મિલ્કતનાં શેડયુલથી અરજીની હકીકતને સમર્થન મળે છે. આ કામના અરજદાર કલેઈમ કેસ દાખલ કરવા માટે ભરવાની થતી કોર્ટ ફી સ્ટામ્પની રકમ ભરપાઈ ન કરી શકે તેવી સ્થિતી હોવાની હકીકત હાલના તબકકે નહીં માનવાને કોઈ કારણ નથી. આ કામના અરજદારને જો હાલના તબકકે નાદારીમાં કલેઈમ કેસ દાખલ કરવા દેવામાં આવે તો સામાપક્ષને કોઈ હાની થાય તેમ નથી. જેથી નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

તા. ૧૪–૦૯–૨૦૨૨ નાં રોજ વાહન અકસ્માતમાં અરજદાર અરજણભાઈ રામભાઈ નાવાડીયાને ઈજાઓ થવા બદલ અરજદારે વળતરની રકમ રૂા.૩,૦૦,૦૦૦/–(રૂપિયા ત્રણ લાખ પુરા) મેળવવા કરેલ અરજી નાદારીમાં દાખલ કરવા પરવાનગી આપવામાં આવે છે.

અરજદારે રજુ કરેલ વળતર અરજી એમ.વી.એકટ કલમ–૧૬૬ તળે નિયમીત વળતર અરજી તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદારે રજુ કરેલ વળતર અરજી મંજુર થયેથી મળવા પાત્ર વળતરની રકમમાંથી પ્રથમ કોર્ટ ફીની રકમ વસુલ કરવી અને વળતર અરજી નામંજુર થાય તો નિયમોનુસાર અરજદાર પાસેથી વસુલ લેવા પાત્ર કોર્ટ ફી ની રકમ વસુલ કરવી.

આ હુકમ આજ તારીખ ૨૩ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. જૂનાગઢ.
તા. ૨૩–૧૨–૨૦૨૨.

**(બીના ચંદુભાઈ ઠકકર)**
મોટર એકસીડન્ટ કલેઈમ
ટ્રીબ્યુનલ(ઓકઝી.)
જૂનાગઢ
કોડ નં.જીજે.૦૦૬૯૫